**માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને પ્રાથમિક શાળાના વિધ્યાર્થીઓ માટે વીમા રક્ષણ આપવા બાબતની વિદ્યા દીપ યોજના**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૨૦૧–ઈએમ–૩૩૯–ક
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૫ –૩–૨૦૦૨

<u>વંચાણમાં લીધા</u> : ૧. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણનીદરખાસ્ત ક્રમાકઃ ૨૯–પનસ–૧–૨૦૦૧–છ ગુજ–૧૪૯૫૩, તા. ૩૧–૭–૨૦૦૧

૨. નિયામકશ્રી, પ્રા.શિ.ના પત્ર ક્રમાંકઃ ૨૯–પનસ–૧–૨૦૦૧–છ–ગુજ– ૧૮૮૭૭ તા. ૨૨–૧૦–૨૦૦૧

૩. વિમા નિયામકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાકઃ ૩–વીની–સુસ–વિકાસ–૯૩૧ તા. ૧૮–૧–૨૦૦૨

૪. તા.૧૬–૧–૨૦૦૨ના રોજ મળેલ કેબિનેટ મીટીગ વિષય ક્રમાંક–૩૧થી મળેલ બહાલી પત્ર ક્રમાકઃ મપબ–૧૦–૨૦૦૧–૩–કેપુ તા. ૧૯–૧–૦૨

<u>ઠ રા વ</u>

ઉપરોક્ત વંચાણમાં લીધેલ પત્રો અને કેબિનેટની બહાલીથી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની વંચાણમાં લીપેલ દરખાસ્ત અન્વયે આશ્રમ શાળા સહિતના ધોરણ–૧ થી ૧૨ માં રજીસ્ટર્ડ થયેલ સરકાર માન્ય તમામ પ્રકારની પ્રાથમિક , માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આકસ્મિક મૃત્યુ સબંધે વિમા સુરક્ષા કવચ ચોવીસ કલાક ગુજરાતમાં કોઈપણ સ્થળે પુરું પાડવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે પુખ્ત વિચારણા કર્યા પછી રાજય સરકારે ઉપરોક્ત દરખાસ્ત અન્વયે આ તમામ વિદ્યાર્થીઓ માટે સ્ટુડન્ટ સેફટી સ્કીમ (વિધ્યા દીપ યોજના ) દાખલ કરવા માટે બહાલી આપેલ છે.

આ વિમા યોજના અંતર્ગત પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ વિમા કંપનીઓ તરફથી જે દરખાસ્તો મળેલ છે તે અન્વયે વિમા નિયામકશ્રી, રાજય વિમા નિધિ, ગાંધીનગરને હાજર રાખી તેમના પરામર્શ અને નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણના અધ્યક્ષપણા નીચે વિમા કંપનીઓની દરખાસ્ત અન્વયે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને અકસ્માત વિમા રક્ષણ વિધ્યા દીપ અન્વયે સૌથી ઓછુ પ્રિમિયમ તેમજ સારી સેવા આપે તે બાબતની વાટાઘાટો કરી વિમા કંપની સાથે કરાર કરવા આથી સૂચિત કરવામાં આવે છે. આ અન્વયે રજીસ્ટર્ડ થયેલ સરકાર માન્ય પ્રાથમિક શાળાના વિદ્યાર્થી માટે ચોવીસ કલાકનો રૂા. ૨૫૦૦૦/–નો તેમજ રજીસ્ટર્ડ થયેલ સરકાર માન્ય માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થી માટે ચોવીસ કલાકનો રૂા. ૫૦૦૦૦/– નો વિમો ઉતારવાનો થાય છે તેમજ આવી વાટાઘાટો વિમા રક્ષણનું સાતત્ય જળવાઈ રહે તે રીતે દર વર્ષે અગાઉથી સમયસર કરી વિમા પ્રિમિયમ નકકી કરવાનું રહેશે.

વિધ્યા દીપ યોજના અંગેની વિગતવાર બોલીઓ અને શરતો નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ તરફથી નિર્ણિત કરવાની રહેશે, સાથે સાથે વિદ્યાર્થીઓને કુદરતી આપત્તિ જેવી કે ભૂકંપ, પુર, વાવાઝોડું, કુદરતી આગ, રમખાણ, આકસ્મિક આગ, વિંછી, સર્પ દંશ, પડી જવું,ડુબી જવુ, ફુડ પોઈઝનીંગ, જંગલી પ્રાણી કે કુતરાં કરડવાથી મૃત્યુ વગેરે આકસ્મિક મૃત્યુ જેવી બાબતો સામે વિમા રક્ષણ આપવાનું રહેશે તેમજ આવું વિમાનુ ચુકવણું શાળાના આચાર્યના પ્રમાણપત્ર તથા પંચકયાસના આધારે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/ શાશનાધિકારીના પ્રમાણપત્ર આપે તે આધારે દિન–૧૫માં વિમા કંપની ચુકવે તે રીતની શરત કરવાની રહેશે. આ સિવાય અન્ય પુરાવા વિમા કંપનીએ મેળવવાના રહેશે નહી કારણ કે અન્ય પુરાવા મેળવવામાં ખૂબ લાંબો સમય પસાર થાય અને સરકારનો મૂળભૂત હેતુ અકસ્માતમાં મૃત્યુ પામનાર વિદ્યાર્થીના વાલી/કુટુંબને ૧૫ દિવસમાં આર્થિક સહાય (વિમાની રકમ) ચુકવવાનો છે તે જળવાવો જોઈએ. આમ ઉપર મુજબની વિગતો અને શરતો વિમા કંપની સાથે પરામર્શ કરી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ નકકી કરવાની રહેશે.

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે આ યોજના અંતર્ગત વહીવટી કાર્યવાહી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન અને શાળાઓએ અલગથી કરવાની રહે તથા પ્રાથમિક વિભાગ માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ/ જિલ્લા શિક્ષણ સમિતિના સબંધિત સક્ષમ અધિકારી મારફતે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ આ અંગેની વહીવટી કાર્યવાહી કરશે.

આ અંગેનું વિમા દાવાનુ નિયત ફોર્મ શકય તેટલું સરળ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, વિમા કંપની તેમજ વિમા નિયામકના પરામર્શમાં નકકી કરવાનું રહેશે. .નિયત ફોર્મમાં જિલ્લાના સક્ષમ અધિકારીએ દાવાની દરખાસ્ત બારોબાર વિમા કંપનીને કરવાની રહેશે. તેમજ ચુકવણી તાત્કાલિક થાય તે પણ તેઓએ જોવાનું રહેશે. આ અંગેની દાવા ચુકવ્યાની માહિતી દર ત્રણ માસે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજયને મોકલવાની રહેશે.

આ યોજના અન્વયે નાણાં વિભાગની તા. ૧૫–૧–૨૦૦૨ની નોંધથી મળેલ બહાલીથી આ હુકમો કરવામાં આવે છે તેમજ આ બાબતનો ખર્ચ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીને આ હેતુ માટે ફાળવેલ ગ્રાન્ટની જોગવાઈમાંથી મેળવવાનો રહેશે. વિમાના માધ્યમિક , ઉચ્ચતર માધ્યમિકના પ્રિમિયમની ચુકવણી પણ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી કરશે જેમાં ગુજરાત રાજય વિમા નિધિના ૪૫ ટકા ના સહવિમાના ફાળાની જોગવાઈ કરવાની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.એ.નાગોરી)
અધિક સચિવ,
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

- માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર